* A A S - 0 0 1 - 0 0 1 2 6 2 *

**AAS-001-001262** Seat No. ________

## First Year B. A. (Sem. II) (CBCS) Examination

**April / May – 2016**

**Gujarati : Paper - III**

*(Elective : 1)*

*(Aaj Andhar Khusbo Bharyo Lagto)*

*(New Course)*

**Faculty Code : 001**

**Subject Code : 001262**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) વિભાગ - I M.C.Q. પ્રશ્નોના ઉત્તરો જવાબવહીમાં જ લખવાના રહેશે.

(૨) વિભાગ - II પ્રશ્ન ૨થી ૫નો સમાવેશ થયેલ છે.

(૩) દરેક પ્રશ્નના ગુણ જમણી બાજુ દર્શાવેલ છે.

### વિભાગ - I

૧ નીચેના પ્રશ્નોના આપેલ ચાર વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. **૨૦**

(૧) પ્રહલાદ પારેખનો જન્મ કયા ગામમાં થયો હતો ?

(A) ભાવનગર (B) જામનગર

(C) ગાંધીનગર (D) સુરેન્દ્રનગર

(૨) પ્રહલાદ પારેખનો જન્મ કઈ સાલમાં થયો હતો ?

(A) ૧૯૧૩ (B) ૧૯૧૦

(C) ૧૯૧૨ (D) ૧૯૧૧

(૩) 'આજ અંધાર ખુશબો ભર્યો લાગતો' સંગ્રહનું શીર્ષક કયા કાવ્યની પંક્તિ ઉપરથી લેવામાં આવ્યું છે ?

(A) આજ (B) વાતો

(C) બારી બહાર (D) વિદાય

(૪) 'આજ અંધાર ખુશબો ભર્યો લાગતો' કાવ્યસંગ્રહનું સંપાદન કોણે કર્યું છે ?

(A) ઉમાશંકર જોશી (B) સુરેશ જોષી

(C) રમણલાલ જોશી (D) વિનોદ જોશી

(૫) 'આજ અંધાર ખુશબો ભર્યો લાગતો' સંગ્રહમાંથી કેટલા કાવ્યો અભ્યાસક્રમમાં નિયત થયા છે ?

(A) ૧૫ (B) ૨૦

(C) ૨૫ (D) ૩૦

(૬) પ્રહલાદ પારેખના કાવ્યોની મુખ્ય ઓળખ કઈ છે ?

(A) આદર્શવાદિતા (B) વાસ્તવવાદિતા

(C) સૌંદર્યાભિમુખતા (D) ગ્રામાભિમુખતા

(૭) 'આજ અંધાર ખુશબો ભર્યો લાગતો' ના સૉનેટ કયા પ્રકારના છે ?

(A) પેટ્રાર્કનશાઈ (B) શેક્સપિયરશાઈ

(C) મિલ્ટનશાઈ (D) સ્પેન્સરશાઈ

(૮) 'બારી બહાર'માં માનવહૃદયના કયા સનાતન ભાવનું આલેખન છે ?

(A) ચિંતન (B) ભક્તિ

(C) પ્રણય (D) શૌર્ય

(૯) 'અમે અંધારું શણગાર્યું' કાવ્યનો વિષય શું છે ?

(A) પ્રકૃતિ (B) પ્રણય

(C) અધ્યાત્મ (D) ચિંતન

(૧૦) 'થાય છે થેઈથેઈકાર' કયા વિષયનું ગીત છે ?

(A) પ્રણય (B) વર્ષા

(C) પ્રકૃતિ (D) અધ્યાત્મ

(૧૧) ''આજ અંધાર ખુશબો ભર્યો લાગતો,
આજ સૌરભભરી રાત સારી.'' - પંક્તિમાં કયો છંદ પ્રયોજાયો છે ?

(A) શિખરિણી (B) વસંતતિલકા

(C) ઝૂલણાં (D) અનુષ્ટુપ

(૧૨) 'ન જાણો નિંદું છું, પરંતુ પૂછું છું.' એમ કવિ કોને પૂછે છે ?

(A) ચાંદરણાંને (B) જૂઈને

(C) ઘાસને (D) બનાવટી ફૂલોને

(૧૩) ''અસીમ અવકાશમાંહી નીરખું મહાકાળને,

વિરાટ અવધૂતને પરમ એ અનાસકતને.'' - કયા કાવ્યની પંક્તિ છે ?

(A) અવધૂત (B) અંધ

(C) અબોલડા (D) વાતો

(૧૪) 'આપણે ભરોસે' કાવ્યમાં શાનો મહિમા ગાયો છે ?

(A) સ્વાશ્રય (B) આત્મસન્માન

(C) આત્મસત્કાર (D) આત્મવિશ્વાસ

(૧૫) ''હજુ ધીમે ધીમે પ્રિય સખી! નહીં ઝાડ ઉપરે.'' - પંક્તિથી કયું કાવ્ય શરૂ થાય છે ?

(A) વાતો (B) અવધૂત

(C) અંધ (D) અબોલડા

(૧૬) 'વિદાય' કાવ્ય કયા પ્રકારનું છે ?

(A) સૉનેટ (B) ગીત

(C) ગઝલ (D) ખંડકાવ્ય

(૧૭) 'ઘાસ અને હું' કાવ્યનો વિષય કયો છે ?

(A) પ્રણય (B) ભક્તિ

(C) ચિંતન (D) પ્રકૃતિ

(૧૮) 'છેલ્લી પૂજા' કાવ્ય કયા પ્રકારનું છે ?

(A) ગીત (B) ગઝલ

(C) સૉનેટ (D) ખંડકાવ્ય

(૧૯) 'એવા અબોલા દિન છે સ્મૃતિમાં,

જે દિ ચડ્યા અંતર પૂર નેહના ?'' - આ પંક્તિ કયા કાવ્યની છે ?

(A) અંધ (B) અબોલડા

(C) આજ (D) એકલું

(૨૦) કવિ કયા તત્ત્વોનું માનવહૃદય સાથે અનુસંધાન આ કાવ્યોમાં સાધે છે ?

(A) ગ્રામજીવનના (B) પ્રકૃતિના

(C) અધ્યાત્મના (D) પ્રણયના

## વિભાગ - II

૨ નીચેનામાંથી કોઈ પણ એકનો ઉત્તર લખો : ૧૦

(૧) 'આજ અંધાર ખુશબો ભર્યો લાગતો' કાવ્યસંગ્રહને આધારે કવિ પ્રહલાદ પારેખનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.

(૨) ''આ સંગ્રહની કોઈ લાક્ષણિકતા હોય તો તેના દિલચશ્પ ગીતો છે.'' આજ અંધાર ખુશબો ભર્યો લાગતોના સંદર્ભે આ વિધાનની ચર્ચા કરો.

૩ કોઈ પણ એકનો ઉત્તર લખો : ૧૦

(૧) 'આજ અંધાર ખુશબો ભર્યો લાગતો'માં છંદ-લય.

(૨) 'આજ અંધાર ખુશબો ભર્યો લાગતો'ના સૉનેટો.

૪ (અ) કોઈ પણ એક વિશે ટૂંક નોંધ લખો : ૮

(૧) 'વાતો' કાવ્યનું રસદર્શન કરો.

(૨) 'બારી બહાર' કાવ્યની સમીક્ષા કરો.

(બ) કોઈ પણ એક વિશે ટૂંક નોંધ લખો : ૮

(૧) 'આજ અંધાર ખુશબો ભર્યો લાગતો'માં પ્રકૃતિ નિરૂપણ.

(૨) 'આજ અંધાર ખુશબો ભર્યો લાગતો'માં પ્રણય નિરૂપણ.

૫ ટૂંકમાં ઉત્તર લખો (કોઈ પણ બે) : ૧૪

(૧) વિદાય કાવ્યનું રસદર્શન કરો.

(૨) 'આજ' કાવ્યનું રસદર્શન કરો.

(૩) 'આજ અંધાર ખુશબો ભર્યો લાગતો'માં પ્રતીક, કલ્પન.

(૪) 'આજ અંધાર ખુશબો ભર્યો લાગતો'માં વિષય વૈવિધ્ય.